सत्यमेव जयते

# Gujarat Arts and Commerce College (Evening), Ahmedabad

## National Service Scheme (NSS)
## Not Me But You

# N.S.S. Regular Activities Yearly report

**Dr. Sandip Sanchala**
**program Offficer**

**Dr. Manoj Patel**
**Principal**

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજ), અમદાવાદ
રાષ્ટ્રીય સેવા યોજના આયોજિત
પ્રવત્તિ/કાર્યક્રમોનો અહેવાલ
**વર્ષ : 2024-25**

| ક્રમ | પ્રવૃત્તિ/કાર્યક્રમનીવિગત | તારીખ | સ્થળ | ભાગ લીધેલ સ્વયંસેવકોની સંખ્યા | હાજર રહેલ અધ્યાપકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | વિશ્વ યોગ દિવસ | 21-06-2024 | કૉલેજ ખાતે | 45 | 30 |
| 2 | ગુરુ પૂર્ણિમા ઉજવણી | 20-07-2024 | કૉલેજ ખાતે | 15 | 30 |
| 3 | ડેન્ટલ ચેક આપ કેમ્પ | 31-07-2024 | કૉલેજ ખાતે | 30 | 10 |
| 4 | **વિર શહિદ વિનોદ કીન્નારીવાલા પુષ્પાંજલિ** | 10-08-2024 | કૉલેજ ખાતે | 35 | 30 |
| 5 | તીરંગા યાત્રા | 13-08-2024 | વિરાટ નગર | 30 | -- |
| 6 | સ્વતંત્રતા દિવસની ઉજવણી | 15-08-2024 | કૉલેજ ખાતે | 85 | 30 |
| 7 | સામુદાયિક પ્રવૃતિજ્યુસ વિતરણ | 06-09-2024 | મોટેરા મેટ્રો વિસ્તાર | 20 | 1 |
| 8 | ક્લાસ ટુ કેરિયર તાલીમ | 09-09-2024 | AMA | 10 | |
| 9 | માનવ સાધના સામાજિક સંસ્થા મુલાકાત | 14-09-2024 | જમાલપૂર કેન્દ્ર | 30 | 2 |
| 10 | એન. એસ.એસ. ઓરીએન્ટેશન પ્રોગ્રામ | 17-09-2024 | કોલેજ ખાતે | 75 | 18 |
| 11 | કેમ્પસ સફાઇ અભિયાન | 23-09-2024 | કોલેજ ખાતે | 25 | 1 |
| 12 | જીવન ધારા વૃદ્ધાશ્રમ મુલાકાત<br>એન. એસ. એસ. દિવસ ઉજવણી | 24-09-2024 | લાંભા અમદાવાદ | 30 | 1 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 13 | કેમ્પસ સફાઇ | 01-10-2024 | કોલેજ ખાતે | 35 | 1 |
| 14 | નિબંધ સ્પર્ધા - સ્વચ્છતા જાગૃતિ | 01-10-2024 | કોલેજ ખાતે | 10 | 1 |
| 15 | ચિત્ર સ્પર્ધા – સ્વચ્છતા જાગૃતિ | 01-10-2024 | કોલેજ ખાતે | 7 | 1 |
| 16 | અંગદાન જાગૃતિ પ્રવૃતિ | 03 to 05/01/2025 | થલતેજ અમદાવાદ | 9 | ---- |
| 17 | સામુદાયિક પ્રવૃતિશેરીંગ ઈઝ કેરીંગ | 13-01-2025 | માનવ સાધના કેન્દ્ર જમાલપુર | 25 | 2 |
| 18 | NAAC સ્વાગત ગુજરાત યુનિવર્સિટી | 28-01-2025 | ગુજરાત યુનિવર્સિટી | 12 | --- |
| 19 | પ્રજાસત્તક દિવસ ઉજવણી | 26-01-2025 | કોલેજ ખાતે | 45 | 30 |
| 20 | કેન્સર અવેરનેસ સેન્ટર મુલાકાત | 25-02-2025 | વાસણા | 30 | 3 |
| 21 | **ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા** | 28-02/2025 | કોલેજ ખાતે | 50 | 10 |
| 22 | માધુર્ય ભુવન ઈરાણા સામાજિક સંસ્થા મુલાકાત | 04-03-2025 | ઈરાણા તા.કડી જિ-મહેસાણા | 41 | 4 |
| 23 | સામુદાયિક પ્રવૃતિવસ્તુ વિતરણ | 08-03-2025 | રિવરફ્રન્ટ વિસ્તાર એલિસબ્રિજ | 10 | --- |
| 24 | એક દિવસીય શિબિર | 12-03-2025 | ગામ : રાજપુર તા.કડી જિ-મહેસાણા | 40 | 4 |
| 25 | વિદાય અને સત્કાર સમારંભ | 20-03-2025 | કોલેજ ખાતે | 110 | 30 |
| | | | વર્ષ દરમ્યાન કુલ ભાગ લીધેલસંખ્યા | 854 | ------------ |

## વિશ્વ યોગ દિવસ
## કૉલેજ ખાતે

**તા.21/06/2024**ના રોજ ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ અમદાવાદ ખાતે યોગ દિવસ અંતર્ગત વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો અને કોલેજના આચાર્યશ્રીએ જોડાયને યોગાસનો ધ્યાન, પ્રાણાયામ વગેરેના આસનો/મુદ્રાઓ કરી સામુહિક રીતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતીડૉ. ભાવિન પરમારે સૌને સૂર્ય નમસ્કારનું નિદર્શન પૂરું પાડ્યું હતું. અને સાથો સાથ યોગના મહત્વ વિશે પણ સમજાવ્યું હતું.





## ગુરુ પૂર્ણિમા ઉજવણી
## કૉલેજ ખાતે

તા.**20/07/2024**ના રોજ કૉલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ગુરુ પૂર્ણિમા ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાષ્ટ્રીય સેવા યોજનાના 15 જેટલા સ્વયંસેવકોએ કોલેજના તમામ અધ્યાપકો માટે જાતે જ ક્રાફ્ટ દ્વારા વિવિધ કાર્ડ બનાવી કોલેજના આચાર્યશ્રી અને સમગ્ર ગુરુજનોને અર્પણ કરી ખરા અર્થમાં ગુરુ પ્રત્યેની લાગણી પોતાના શબ્દો દ્વારા અર્પણ કરી હતી. તેમજ ગુરુ પૂર્ણિમાની ઉજવણી દ્વારા ગુરુ-શિષ્યોના સબંધને આજના આધુનિક સમયમાં પરંપરાગત મહત્વ આપીને ગુરુ પ્રત્યેની પોતાની નિષ્ઠા જાળવી રાખી.





## ડેન્ટલ ચેક અપ કેમ્પ

## કૉલેજ ખાતે

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) દ્વારા ૩૧મી જુલાઈ, ૨૦૨૪ના રોજ એક ડેન્ટલ ચેક અપ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું અને તેમાં ભાડજ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ દ્વારા તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમ કૉલેજના પરિસરમાં યોજાયો હતો, જે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે સરળતાથી ઉપલબ્ધ સ્થળ હતું. સવારના નિર્ધારિત સમયથી જ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લેવાનું શરૂ કર્યું હતું. ભાડજ ડેન્ટલ કૉલેજના નિષ્ણાત તબીબોની ટીમે દરેક વ્યક્તિના દાંતનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું અને મૌખિક સ્વાસ્થ્ય સંબંધિત સલાહ અને માર્ગદર્શન આપ્યું. આ કેમ્પમાં કુલ ૧૧૦ વિદ્યાર્થીઓએ પોતાના દાંતનું ચેક અપ કરાવ્યું હતું. આ સંખ્યા દર્શાવે છે કે વિદ્યાર્થીઓમાં પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધી રહી છે અને તેઓ આવા આયોજનોનો લાભ લેવા માટે ઉત્સુક છે. આ ઉપરાંત, કૉલેજના ૧૦ અધ્યાપકોએ પણ આ કેમ્પમાં ભાગ લીધો હતો, જે એક સકારાત્મક બાબત છે અને અન્ય લોકોને પણ પ્રેરણા આપે છે.આ સમગ્ર કાર્યક્રમના સુચારુ સંચાલન માટે કૉલેજના ૩૦ સ્વયંસેવકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સ્વયંસેવકોએ નોંધણી પ્રક્રિયાથી લઈને લાભાર્થીઓને તબીબો સુધી પહોંચાડવા અને વ્યવસ્થા જાળવવામાં મદદ કરી હતી. તેમની નિષ્ઠા અને સમર્પણ ભાવનાને કારણે આ કેમ્પ સફળ રહ્યો હતો.








## વિર શહિદ વિનોદ કીન્નારીવાલા પુષ્પાંજલિ
## કૉલેજ ખાતે

તા. 10/08/2024રોજ ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે વિર શહિદ વિનોદ કીન્નારીવાલા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પટાંગણમાં આવેલી વિર શહિદ વિનોદ કીન્નારીવાલા ની પ્રતિમા આગળ આચાર્યશ્રી ડૉ. હિમ્મત ભાલોડીયા અને તમામ સ્ટાફગણ તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ વિર શહિદ વિનોદ કીન્નારીવાલા ની પ્રતિમાને નમન કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આઝાદીની લડતમાં દેશને સ્વતંત્રતા અપાવવા ગુજરાત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહિ ચુકેલા વિનોદ કીન્નારીવાલા ૧૦ ઓગસ્ટ ૧૯૪૨માં અંગ્રેજો સામેની મુઠભેડમાં શહીદ થયેલા ત્યારથી લઇ દર વર્ષે તેમના આ શહીદ દિનને યાદ કરીને તેમની યાદમાં ગુજરાત કોલેજ કેમ્પસમાં આવેલી ત્રણેય કોલેજો પુષ્પાંજલિકાર્યક્રમ યોજે છે તેમાં ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અમદાવાદ દ્વારા સરકારશ્રીના શહીદોને નમન કાર્યક્રમ મેરી મિટી મેરા દેશ કાર્યક્રમ સાથે આ શહિદ વંદના- પુષ્પાંજલિ કાર્યક્રમ યોજ્યો હતો.







## તિરંગા યાત્રા

## વિરાટનગર, અમદાવાદ

13 ઓગસ્ટ, 2024ના રોજ વિરાટનગર, અમદાવાદ ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રપ્રેમને વાઢ આપવાનો હતો. યાત્રામાં કુલ 30 સ્વયંસેવકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. યાત્રા દરમિયાન રાષ્ટ્રગીત ગવાયું, દેશપ્રેમના નારા લગાવવામાં આવ્યા અને સમગ્ર વાતાવરણમાં દેશભક્તિની ભાવના છવાઈ ગઈ હતી. આવી યાત્રાઓ દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રીય એકતા અને સામૂહિક જાગૃતિ વધે છે, જે દેશના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.






## સ્વતંત્રતા દિવસ ઉજવણી

## કૉલેજ ખાતે

આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગતના તા. 15/08/2024ના રોજ ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અમદાવાદ ખાતે 78માં **સ્વતંત્રતા દિવસ ઉજવણી કરવામાં આવી હાતી જેમાં ગુજરાત કોલેજ કેમ્પસમાં આવેલી ત્રણેય કોલેજના સયુકત ઉપક્રમે ઉજવણી રાખવામાં આવી હતી જેમાં** ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અમદાવાદ **યજમાન પદે યોજયેલા આ સ્વતંત્રતા દિવસ ઉજવણી સમારોહમાં ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી દિનેશ ગુરવ સાહેબ મુખ્ય મહેમાનના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના આચાર્યશ્રી, એન.સી.સી. એ.એન.ઓ. તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરતેમજ સમગ્ર અધ્યાપકગણ અને બિન શૈક્ષણિક કર્મચારીઓ અને એન.સી.સી.અને એન.એસ.એસના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાયને "હર ઘર તિરંગા થીમ" પર આઝાદીની ઉજવણીમાં જોડાયા હતા. તેમજ વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ જોડાયા હતા.**







## મુદાયિક ઉત્કર્ષ પ્રવૃત્તિ

### મોટેરા, અમદાવાદ

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા શારદા ફાઉન્ડેશન, અમદાવાદના સહયોગથી તા 06/09/2024 ના રોજ સામુદાયિક ઉત્કર્ષ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ અંતર્ગત મોટેરા, અમદાવાદ ખાતે આવેલ વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર કામ કરતા શ્રમિકોને ડાબર ફ્રુટ જ્યુસનું વિતરણ કરવામાં આવ્યું.આ પ્રવૃત્તિમાં કુલ 30 સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્વયંસેવકોએ કન્સ્ટ્રક્શન સાઈટની મુલાકાત લીધી અને ત્યાં કામ કરતા શ્રમિકોને જ્યુસનું વિતરણ કર્યું. ગરમીના સમયમાં શ્રમિકોને તાજગી અને પોષણ મળી રહે તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રમિકોએ પણ સ્વયંસેવકોના આ કાર્યને ખૂબ જ સરાહના કરી હતી.આ સમગ્ર આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આ પ્રવૃત્તિનું સંકલન ડૉ. વિજય પટેલે કર્યું હતું.આ પ્રવૃત્તિદ્વારાવિદ્યાર્થીઓએ સમાજના જરૂરિયાતમંદ વર્ગની સેવા કરવાની તક મળી અને સામુદાયિક ભાવનાનો વિકાસ થયો.





## "ક્લાસ ટુ કેરિયર" તાલીમ

### ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ

રાષ્ટ્રીય સેવા યોજના, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે તારીખ 09/09/2024 ના રોજ "ક્લાસ ટુ કેરિયર" તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ અમદાવાદ શહેરમાં આવેલી વિવિધ સરકારી શાળાના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

આ તાલીમ પ્રોજેક્ટ સમગ્ર શિક્ષા અભિયાન અને યુનિસેફના સહયોગથી રાષ્ટ્રીય સેવા યોજના, ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. આ તાલીમમાં ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ કુલ ૧૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.તાલીમ દરમિયાન સ્વયંસેવકોને વિદ્યાર્થીઓને અસરકારક રીતે કારકિર્દી માર્ગદર્શન આપવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યો વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાં વિવિધ કારકિર્દીના વિકલ્પો, તેમની માટેની લાયકાત, પ્રવેશ પ્રક્રિયા અને ભવિષ્યની તકો વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવાની અને તેમની મૂંઝવણોને દૂર કરવાની પદ્ધતિઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ તાલીમ કાર્યક્રમ સ્વયંસેવકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો.







## માનવ સાધના કેન્દ્ર, જમાલપુરની મુલાકાત

રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ, ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ દ્વારા તારીખ 14/09/2024ના રોજ માનવ સાધના કેન્દ્ર, જમાલપુરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં કુલ ૩૦ સ્વયંસેવકો અને ૦૨ અધ્યાપકોએ ભાગ લીધો હતો.માનવ સાધના કેન્દ્ર એ જમાલપુર વિસ્તારમાં આવેલી એક સામાજિક સંસ્થા છે. આ સંસ્થા મુખ્યત્વે સ્લમ વિસ્તારના બાળકો અને મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્ય કરે છે. સંસ્થા દ્વારા કોમ્યુનીટી સ્કૂલ ચલાવવામાં આવે છે, જેમાં અંદાજીત ૨૫૦ થી વધુ બાળકોને વિના મૂલ્યે પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત, સંસ્થા સ્લમ વિસ્તારના બાળકો માટે કોમ્પ્યુટર ક્લાસ અને બહેનો માટે સીવણ ક્લાસનું પણ સંચાલન કરે છે, જેના દ્વારા તેઓને આત્મનિર્ભર બનવામાં મદદ મળે છે.મુલાકાત દરમિયાન, સંસ્થાના કાર્યકર્તા નીલમબેને સંસ્થાની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશ્યો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિવિધ શૈક્ષણિક અને કૌશલ્ય વિકાસની પહેલો વિશે જાણકારી આપી, જે સમાજના જરૂરિયાતમંદ વર્ગો માટે આશાનું કિરણ સમાન છે. સ્વયંસેવકોને સંસ્થાની કામગીરી અને તેનાથી સમાજ પર પડતી સકારાત્મક અસર વિશે જાણવા મળ્યું.કાર્યક્રમના અંતે, પ્રોગ્રામ ઓફિસર દ્વારા માનવ સાધના કેન્દ્રના કાર્યકર્તાઓ અને સંસ્થાના યોગદાન બદલ આભાર પત્ર અર્પણ કરવામાં આવ્યો હતો. આ મુલાકાત સ્વયંસેવકો માટે એક પ્રેરણાદાયી અનુભવ રહ્યો, જેના દ્વારા તેઓ સમાજ સેવાના મહત્વને વધુ સારી રીતે સમજી શક્યા.






## એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ (તા17/09/2024)

### કૉલેજ ખાતે

ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) એકમ દ્વારા તા.17/09/2024 ના રોજ કૉલેજના એન.એસ.એસ.માં નવા જોડાયેલા સ્વયંસેવકો માટે એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆતમાં, કૉલેજના પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા ઉપસ્થિત તમામ નવા સ્વયંસેવકો અને અધ્યાપકગણને હાર્દિક આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, આ પ્રસંગના મુખ્ય વક્તા ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ પોતાના પ્રેરક ઉદબોધન દ્વારા સ્વયંસેવકોને રાષ્ટ્રીય સેવા યોજનાના મહત્વ અને સમાજમાં યુવાનોની ભૂમિકા વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમના વક્તવ્યમાં સેવા, સમર્પણ અને રાષ્ટ્ર નિર્માણના મૂલ્યો પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેણે નવા સ્વયંસેવકોને ખૂબ જ પ્રેરિત કર્યા.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન, નવા સ્વયંસેવકોએ એન.એસ.એસ.ની કાર્યપદ્ધતિ, વિવિધ પ્રવૃત્તિઓ અને તેમાં ભાગ લેવાની પ્રક્રિયા વિશે જાણકારી મેળવી હતી. પ્રોગ્રામ ઓફિસર દ્વારા એન.એસ.એસ.ના નિયમો અને સ્વયંસેવકોની જવાબદારીઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે, ઉપસ્થિત તમામ લોકો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર આયોજન પ્રોગ્રામ ઓફિસર અને એન.એસ.એસ. સમિતિના સક્રિય સહયોગથી સફળ બન્યું હતું. કાર્યક્રમમાં કુલ ૭૫ સ્વયંસેવકો અને ૧૮ અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ અભિમુખતા કાર્યક્રમ નવા જોડાયેલા સ્વયંસેવકો માટે ખૂબ જ માહિતીપ્રદ અને પ્રેરણાદાયી રહ્યો.








## સ્વચ્છતા શપથ અને સ્વચ્છતા અંગે મંતવ્યો

### કૉલેજ ખાતે

રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા.૨૨-૦૯-૨૦૨૪ના રોજ "સ્વચ્છતા હી સેવા" -'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા" અભિયાન અંતર્ગત સ્વચ્છતા શપથ અને સ્વચ્છતા અંગે મંતવ્યો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત તમામ સ્વયંસેવકો અને અધ્યાપકશ્રીઓએ સ્વચ્છતા શપથ ગ્રહણ કર્યા હતા તેમજ કેટલાક વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગે પોતાના વિવિધ મંતવ્યો રજુ કર્યા હતા. તેમજ પ્રોગ્રામ ઓફિસરે વિદ્યાર્થીઓને પોતાના રોજિંદા જીવનમાં સ્વચ્છતાનું શું મહત્વ છે તેમજ સ્વચ્છતા થકી રોગચાળા સામે કઈ રીતે લડી શકાય અને આરોગ્યને જાળવવામાં સ્વચ્છતાનો શું ફાળો છે તે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦ જેટલા સ્વયંસેવકો જોડાયા હતા. કાર્યક્રમના અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.



## કેમ્પસ સફાઈ અભિયાન

### કૉલેજ ખાતે

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા.૨૩-૦૯-૨૦૨૪ના રોજ કોલેજ ખાતે કેમ્પસ સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાન અંતર્ગત કોલેજના કેમ્પસમાંથી કચરો અને બિન જરૂરી ઘાસનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો ઉપસ્થિત વિદ્યાર્થીઓને વિવિધ ટુકડીઓ વહેચીને અલગ અલગ જગ્યાએથી પ્લાસ્ટિક તેમજ કચરાનું એકત્રીકરણ કરવામાં આવ્યું તેમજ ત્યારબાદ કચરાનો યોગ્ય નિકાલ પણ કરવામાં આવ્યો. પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં my bharatકીટ અંતર્ગત મળેલ કેપ અને હેન્ડ ગ્લવ્સ તેમજ પેન અને ડાયરીનું રાષ્ટીય સેવા યોજના એકમના સ્વયંસેવકોને વિતરણ કરવામાં આવ્યું હતું, આમ, વિદ્યાર્થીઓની સુરક્ષાનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.









## એન.એસ.એસ. દિવસ ઉજવણી

## જીવનધારા વૃધાશ્રમ,લાંભા-અમદાવાદ

તા. 24/09/2024ના રોજ જીવનધારા વૃધાશ્રમ લાંભા અમદાવાદ ખાતે એન.એસ.એસ. દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૩૧ સ્વયંસેવકો અને ૦૧ અધ્યાપકે ભાગ લઇ વડીલો સાથે વિવિધ રમતો રમી તેમજ તેમની સાથે મળીને આત્મીયતા પૂર્વક તેમજ  સહાનુભૂતિપૂર્વક વાર્તાલાપ કરીને તેઓની ખુશીઓમાં વધારો કર્યો હતો. તેમજ વૃધ્ધો માટે જરૂરી ચીજવસ્તુઓ, ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બપોરના ભોજનના સમયે વૃધોને ભોજન પીરસીને સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી. સંસ્થાના કર્મચારીઓએ સંસ્થાની કામગીરી વિશે સ્વયંસેવકોને માહિતગાર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સંસ્થાના તમામ કર્મચારીશ્રીઓએ પુરતો સહકાર આપીને ખરા અર્થમાં એન.એસ.એંસ. દિવસ સેવાકીય ભાવના સાથે સ્વયંસેવકોને જીવનભરની યાદોમાં અંકિત કરનારો આ દિવસ બની રહ્યો.







## સ્વચ્છતા રેલી

### કૉલેજ ખાતે

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા. ૩૦-૦૯-૨૦૨૪ ના રોજ એન.એસ.એસ. સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે કૉલેજ કેમ્પસ અને આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાગૃતિ સંદેશનું પ્રસરણ થાય તેમજ સામાજિક જાગૃતિ ફેલાવવાના આશય સહ આ રેલીમાં વિદ્યાર્થીઓએ જોડાયને સુત્રોચાર દ્વારા સફાઈ અભિયાન સદેશ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.






## સફાઈ અભિયાન- નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા

### કૉલેજ ખાતે

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા.૦૧-૧૦-૨૦૨૪ના રોજ સફાઈ અભિયાન- નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આ સફાઈ અભિયાન અંતર્ગત કોલેજના કેમ્પસમાંથી કચરો અને બિન જરૂરી ઘાસનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો તેમજઆસપાસના વિસ્તાર તેમજ કોલેજનીપ્લાસ્ટિક તેમજ કચરાનું એકત્રીકરણ કરવામાં આવ્યું તેમજ આસપાસના લારી ગલ્લા ધારકોને કચરાપેટીનો ઉપયોગ કરવા અંગે સમજાવ્યું હતું. તેમજ સ્વચ્છતા હી સેવા વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંકે અનુક્રમે સિયા ખડેરા, આલીમા કુરેશી અને દક્ષ સોનીને વિજેતા બન્યા હતા. તેમજ ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સ્વચ્છ ભારત અભિયાનને લગતા સુંદર ચિત્રો બનાવ્યા હતા. જેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંકે અનુક્રમે કૃતિકા સિંઘ, દિવ્યા દુલેરા અને ઉમંગ બુમતરીયા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



## અંગદાન જાગૃતિ પ્રવૃત્તિ

### થલતેજ, અમદાવાદ

**તા. ૦૩ થી ૦૫ જાન્યુઆરી ૨૦૨૫**દરમ્યાન શતાયુ ફાઉન્ડેશનના સહયોગથી ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા અંગદાન જાગૃતિ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રવૃત્તિ અંતર્ગત, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ શતાયુ ફાઉન્ડેશનના સહયોગથી થલતેજ ખાતે યોજાયેલા પ્રોપર્ટી એક્સ્પોમાં ભાગ લીધો હતો. અહીં, વિદ્યાર્થીઓએ મુલાકાતીઓને અંગદાનના મહત્વ અને તેની પ્રક્રિયા વિશે માહિતી આપીને જાગૃતિ ફેલાવી હતી. સ્વયંસેવકોએ અંગદાન સંબંધિત પ્રશ્નોના જવાબ આપ્યા અને લોકોને આ ઉમદા કાર્યમાં સહભાગી થવા માટે પ્રોત્સાહિત કર્યા.શતાયુ ફાઉન્ડેશન દ્વારા આ જાગૃતિ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેનાર ૦૯ સ્વયંસેવકોને પ્રમાણપત્ર અને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માનથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધ્યો હતો અને તેઓ સમાજમાં આવા સેવાકીય કાર્યો કરવા માટે વધુ પ્રેરિત થયા હતા.આ પ્રવૃત્તિ ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યેની તેમની જવાબદારી સમજવામાં અને માનવતાની સેવા કરવા માટે એક સુંદર તક પૂરી પાડી હતી. શતાયુ ફાઉન્ડેશનનો સહયોગ આ કાર્યક્રમને સફળ બનાવવામાં અત્યંત મહત્વપૂર્ણ રહ્યો હતો.



# “શેરીંગઈઝકેરીંગ”અભિયાન

## માનવસાધનાકેન્દ્ર, જમાલપુર

ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા તા. ૧૩/૦૧/૨૦૨૫ ના રોજ “શેરીંગ ઈઝ કેરીંગ” અભિયાનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના જરૂરિયાતમંદ લોકો સુધી જીવન જરૂરી વસ્તુઓ પહોંચાડીને તેમને મદદરૂપ થવાનો હતો. આ અભિયાન અંતર્ગત, લગભગ ૧૫ દિવસના સમયગાળા દરમિયાન કૉલેજના ૨૫ જેટલા ઉત્સાહી સ્વયંસેવકોએ સક્રિયપણે ભાગ લીધો હતો. તેમણે કપડાં, રમકડાં, સ્ટીલના વાસણો, ફૂટવેર, ચાદરો અને અન્ય ઉપયોગી વસ્તુઓ પણ દાનમાં મેળવી હતી. એકત્રિત કરવામાં આવેલી આ તમામ વસ્તુઓ તા. ૧૩/૦૧/૨૦૨૫ ના રોજ અમદાવાદના માનવ સાધના કેન્દ્ર, જમાલપુર વિસ્તારમાં જઈને જરૂરિયાતમંદ લોકોને તેમની જરૂરિયાત મુજબ અર્પણ કરવામાં આવી હતી. સ્વયંસેવકોએ પોતે રૂબરૂ જઈને આ સેવા કાર્ય કર્યું હતું, જેનાથી તેઓમાં સમાજ સેવાની ઉમદા ભાવના વધુ દૃઢ બની હતી. આ સમગ્ર અભિયાનનો મુખ્ય હેતુ સ્વયંસેવકોમાં સમાજ સેવાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો અને આ દિશામાં સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ સફળ અભિયાનનું સંપૂર્ણ આયોજન અને સંકલન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું. આ “શેરીંગ ઈઝ કેરીંગ” અભિયાન દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ સમાજમાં એક સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો છે, જે ખરેખર પ્રશંસનીય છે.







## પ્રજાસત્તાક પર્વ ઉજવણી

### કોલેજ ખાતે

ગુજરાત કોમર્સ કોલેજના યજમાન પદે તારીખ ૨૬/૦૧/૨૦૨૫ ના રોજ કોલેજ ખાતે પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમના ૪૫ જેટલા ઉત્સાહી સ્વયંસેવકોએ સક્રિયપણે ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆત ધ્વજ વંદનથી કરવામાં આવી હતી. ધ્વજ વંદન બાદ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એક રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભક્તિના ગીતો, નૃત્યો અને નાટકો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની કલા અને પ્રતિભા દ્વારા દેશપ્રેમની ભાવનાને ઉજાગર કરી હતી, આ સમગ્ર કાર્યક્રમમાં ત્રણેય કોલેજના આચાર્યશ્રીઓ, તમામ અધ્યાપકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌ કોઈએ એકસાથે મળીને પ્રજાસત્તાક પર્વની ગરિમાને જાળવી રાખી હતી.આ ઉપરાંત, કોલેજના ૧૦ જેટલા સ્વયંસેવકો ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ધ્વજ વંદન કાર્યક્રમમાં પણ જોડાયા હતા અને યુનિવર્સિટી સ્તરની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.





## નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC) ની ટીમનું સ્વાગત

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) ના સ્વયંસેવકોએ તારીખ 28/01/2025 ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે મુલાકાતે આવેલ નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC) ની ટીમનું સ્વાગત કર્યું હતું.સ્વયંસેવકોએ યુનિવર્સિટી પરિસરમાં ઉપસ્થિત રહીને NAAC ટીમના સભ્યોને આવકાર્યા હતા આ કાર્યક્રમ દ્વારા સ્વયંસેવકોને રાષ્ટ્રીય સ્તરની મૂલ્યાંકન પ્રક્રિયાથી પરિચિત થવાની તક મળી હતી, જે તેમના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.






## કોમ્યુનિટી ઓન્કોલોજી સેન્ટર, વાસણા, અમદાવાદ મુલાકાત

તારીખ:૨૫/૦૨/૨૦૨૫ના રોજ કોમ્યુનિટી ઓન્કોલોજી સેન્ટર, વાસણા, અમદાવાદ ખાતે એક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.કોમ્યુનિટી ઓન્કોલોજી સેન્ટર (COC), જે વાસણા, અમદાવાદમાં આવેલું છે, તે ગુજરાત કેન્સર સોસાયટી (GCS) દ્વારા સંચાલિત એક કેન્સર સંભાળ કેન્દ્ર છે. શરૂઆતમાં આ કેન્દ્ર અસાધ્ય કેન્સરના દર્દીઓ માટે હોસ્પિસટલ  તરીકે શરૂ થઇ હતી , પરંતુ હવે તેની સેવાઓમાં કેન્સર જાગૃતિ, નિવારણ, સ્ક્રીનીંગ, શિક્ષણ, નિદાન, સંશોધન સમાવેશ થાય છે.કોમ્યુનિટી ઓન્કોલોજી સેન્ટર સમાજને કેન્સર સામે લડવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે અને નિદાનથી લઈને સંભાળ સુધીની વ્યાપક સેવાઓ પૂરી પાડે છે.આચાર્યશ્રીડૉ. મનોજ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાની મુલાકાતમાં કુલ૩૦સ્વયંસેવકોં ભાગ લીધો હતો, જેમાં૦૩સ્વયંસેવકો અને ૦૩ અધ્યાપકોનો જોડાયા હતા. સૌપ્રથમ, સંસ્થાના ડૉક્ટર દ્વારા સંસ્થાની સ્થાપના અને તેની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે કેન્સરના વિવિધ પ્રકારો વિશે પણ જાણકારી આપી, ત્યારબાદ, સ્વયંસેવકોંને કેન્સરના છેલ્લા તબક્કાના દર્દીઓના વોર્ડની મુલાકાત કરાવવામાં આવી. અહીં, દર્દીઓની માવજત કેવી રીતે કરવામાં આવે છે તેની સમજણ આપવામાં આવી, જે ખૂબ જ સંવેદનશીલ અને માહિતીપ્રદ હતી. આ મુલાકાત દ્વારા યંસેવકોંને કેન્સરના દર્દીઓની પડકારો અને તેમની સંભાળના મહત્વ વિશે જાણવા મળ્યું.









## ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા

૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અમદાવાદની ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (ઇવનિંગ) દ્વારા ગુજરાત સંસ્કૃતિક ભાષણ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન જ્ઞાનધારા અને એનએસએસના સહયોગથી કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપવાનો હતો.

આ સ્પર્ધામાં ૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ મહત્વના વિષયો પર વિચારપ્રેરક ભાષણો આપ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ દર્શક તરીકે હાજરી આપી હતી, જેણે સ્પર્ધકોને ઉત્સાહિત કર્યું અને એક જીવંત વાતાવરણ ઊભું કર્યું. વિદ્યાર્થીઓના ઉર્જાવાન પ્રોત્સાહન અને પ્રતિભાવોથી સ્પર્ધકોને શ્રેષ્ઠ પ્રદર્શન આપવા માટે પ્રેરણા મળી. રેહાન અને ટ્વિંકલે સાર્થક રીતે એન્કરિંગની જવાબદારી નિભાવી હતી, જેણે તેમની જીવંત હાજરી અને દર્શકો સાથેના સંવાદથી સમગ્ર કાર્યક્રમને સુવ્યવસ્થિત અને આનંદદાયક બનાવ્યો.








## માધુર્ય ભુવન સામાજિક સંસ્થાની મુલાકાત

## ગામ: ઇરાણા તા. કડી. જિ. મહેસાણા

**તારીખ:૦૪/૦૩/૨૦૨૫ના રોજ** ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) ના સ્વયંસેવકો **દ્વારા માધુર્ય ભુવન સામાજિક સંસ્થાની મુલાકાત લેવામાં આવી. આ સંસ્થા મનોદિવ્યાંગ બાળકો માટે કાર્ય કરે છે અને તેમના જીવનને વધુ સારું બનાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.સંસ્થાની કામગીરી મુખ્યત્વે મનોદિવ્યાંગ બાળકોને શિક્ષણ આપવા અને તેમને સ્કીલ આધારિત હસ્તકળા કારીગીરી શીખવવા પર કેન્દ્રિત છે. આ બાળકોને તેમના વિકાસ માટે જરૂરી તાલીમ અને માર્ગદર્શન સંસ્થા દ્વારા પૂરું પાડવામાં આવે છે.ત્યારબાદ, સમગ્ર સંસ્થાની મુલાકાત કરાવવામાં આવી, જ્યાં બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરતા જોયા.સંસ્થાના પરિસરમાં આવેલા વૃદ્ધાશ્રમની પણ અમે મુલાકાત લીધી. ત્યાંના વડીલો સાથે વાતચીત કરીને સ્વયંસેવકો ભાવુક થયા. વડીલોના અનુભવો અને તેમની વાતો સાંભળીને સૌ કોઈએ જીવનના મહત્વને સમજ્યું.આ મુલાકાત એક ખૂબ જ પ્રેરણાદાયી અનુભવ રહ્યો. મનોદિવ્યાંગ બાળકો અને વૃદ્ધોની સેવા માટે માધુર્ય ભુવન દ્વારા કરવામાં આવી રહેલું કાર્ય ખરેખર પ્રશંસનીય છે. સ્વયંસેવકો અને અધ્યાપકોએ સંસ્થાના કાર્યને બિરદાવ્યું હતું. આચાર્યશ્રીડૉ.મનોજ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૧ સ્વયંસેવકો અને ૦૪ અધ્યાપકો જોડાયા હતા.**








## સામુદાયિક ઉત્કર્ષ પ્રવૃત્તિ

### એલીસબ્રીજ,અમદાવાદ

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા શારદા ફાઉન્ડેશન, અમદાવાદના સહયોગથી તા ૦૮/૦૩/૨૦૨૫ના રોજ વિશ્વ મહિલા દિવસ ઉજવણી પ્રસંગે સામુદાયિક ઉત્કર્ષ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ અંતર્ગત એલીસબ્રીજ , અમદાવાદ ખાતે આવેલ વિસ્તારમાં કામ કરતી શ્રમિક મહિલાઓને ફ્રુટ જ્યુસનું વિતરણ શારદા ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવ્યું આચાર્યશ્રીડૉ. મનોજ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ સ્વયંસેવકો અને શારદા ફાઉન્ડેશન તરફથી શ્રી શાલીનભાઈ પાટડીયા જોડાયા હતા.







## એક દિવસીય શિબિર

### “સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિ”

### ગામ: રાજપુર, તા. કડી, જિ. મહેસાણા

તારીખ:૧૨/૦૩/૨૦૨૫ ના રોજ ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિ એક દિવસીય શિબિરનું આયોજન  ગામ: રાજપુર, તા. કડી, જિ. મહેસાણા ખાતે કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત સમારોહ બાદ, શાળાના આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સફાઈ કાર્યમાં ભાગ લીધો અને કચરો એકઠો કર્યો. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવ્યું. ત્યારબાદ, પર્યાવરણ બચાવ અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી. વૃક્ષોનું મહત્વ, પાણીની બચત અને પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ધ્યાનથી આ માહિતી સાંભળી અને પોતાના પ્રશ્નો પણ પૂછ્યા.બપોરના ભોજન બાદ, રાજપુર ગામની નજીકમાં આવેલી એક દવા બનાવવાની કંપનીની મુલાકાત લીધી. આ મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમની કાર્યપ્રણાલીથી પરિચિત કરાવવાનો હતો. કંપનીના અધિકારીઓએ દવા બનાવવાની પ્રક્રિયા અને ગુણવત્તા નિયંત્રણ વિશે માહિતી આપી. વિદ્યાર્થીઓએ આ મુલાકાતથી ઘણું નવું જાણવા મળ્યું.આ એક દિવસીય શિબિરમાં ગામના સરપંચશ્રી, વડીલો અને અન્ય આગેવાનોનો પુરતો સાથ સહકાર મળ્યો..આ શિબિરમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓનું ઘડતર કરવાનો હતો. સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાગૃતિ અંગેની માહિતી અને ઔદ્યોગિક મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ માત્ર જ્ઞાન જ નહીં પરંતુ જીવન મૂલ્યો પણ શીખ્યા. કોલેજના આચાર્યશ્રીડૉ. મનોજ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૩૯ સ્વયંસેવકો અને ૦૪ અધ્યાપકો જોડાયા હતા.




GPS Map Camera
भटसन, गुजरात, भारत
8cgj+x99, भटसन, गुजरात 382705, भारत
Lat 23.327534° Long 72.430895°
12/03/2025 11:42 AM GMT +05:30
Google






GPS Map Camera
Mehsana, Gujarat, भारत
Rajpur - Julasan Rd, Gujarat 382705, भारत, Mehsana, Gujarat 382705, भारत
Lat 23.32691° Long 72.425432°
12/03/2025 03:25 PM GMT +05:30
Google



## વિદાય અને સત્કાર સમારોહ

તા.૨૦/૦૩/૨૦૨૫ના રોજ ગુજરાત કોલેજના સરદાર પટેલ સેમિનાર ખંડ ખાતે આચાર્યશ્રીની અધ્યક્ષતામાં એન.એસ.એસ. વિદાય અને સત્કાર સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. પંકજ સોલંકી તેમજ શારદા ફાઉન્ડેશનના સ્થાપક શ્રીમતી હીનાબેન પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આઈ.કયું.એ.સી. સંયોજક ડૉ. ભાવેશ લાખાણી અને તમામ સ્ટાફની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.આ સમારોહ દરમિયાન, વર્ષ દરમિયાન એન.એસ.એસ.ની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૧૧ જેટલા સ્વયંસેવકોને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જેમણે એન.એસ.એસ.નો કાર્યકાળ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો તેવા સ્વયંસેવકોને યુનિવર્સિટી તરફથી પ્રાપ્ત થયેલા પ્રમાણપત્રો અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં સ્વયંસેવકોએ વર્ષ દરમિયાનના તેમનાં યાદગાર અનુભવો રજૂ કર્યા હતા, જેણે ઉપસ્થિત સૌને પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી, મુખ્ય મહેમાનશ્રી, અતિથિ વિશેષ, આઈ.કયુ.એ.સી. સંયોજક અને પ્રોગ્રામ ઓફિસરે વિદાય લઈ રહેલા અંતિમ વર્ષના સ્વયંસેવકોને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના ભાવિ જીવન માટે પ્રેરક ઉદબોધન કર્યું હતું.સન્માન સમારોહની સમાપ્તિ બાદ ઉપસ્થિત સૌએ સાથે મળીને સમૂહ ફોટોગ્રાફ્સ લીધા અને કેક કાપીને આ પ્રસંગની ઉજવણી કરી હતી. ત્યારબાદ સ્વયંસેવકો દ્વારા પરંપરાગત ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતમાં, ભોજન લીધા બાદ આ પ્રેરણાદાયી અને યાદગાર કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.કોલેજના આચાર્યશ્રીડૉ. મનોજ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧૧૦ સ્વયંસેવકો અને તમામ સ્ટાફ જોડાયો હતો.



# વિદાય અને સત્કાર સમારોહ














- વર્ષ દરમ્યાન વિવિધ કેમ્પમાં ભાગ લીધેલ સ્વયંસેવકોની માહિતી અને ફોટોગ્રાફ્સ

| Sr No | Name of Camp/Activity | Participants | Date | Place |
|---|---|---|---|---|
| 1 | National integration Camp | 02 | 16 to 22 February 2025 | Shivaji University, Kolhapur Maharashtra |
| 2 | Zonal Camp | 06 | | Shahpur Di. Gandhinagar |
| 3 | Rastra Katha Shibir | 12 | | PrsanlaTa.Upleta Di. Rajkot |
| 4 | BIMSTEC Youth Summit Hospitality | 02 | | Mahatma Mandir Gandhinagar |
| 5 | Poland youth Delegation Hospitality | 02 | | SVP Airport Ahmedabad |
| 6 | Inter District Youth Exchange Program (my Bharat) | 03 | | Jamnagar |



**National integration Camp : Shivaji University, Kolhapur Maharashtra**








**Zonal Camp  Shahpur  Di. Gandhinagar**


આદર્શ પ્રાથમિક • શાળા શાહપુર





**Rastra Katha Shibir    Prsanla  Ta. Upleta Di. Rajkot**








**BIMSTEC Youth Summit Hospitality**





**Poland youth Delegation Hospitality**









## Inter District Youth Exchange Program (my Bharat)






